THIS TENDER CONTAINS PAGE NO. 01 to 13

# GANDHINAGAR MUNICIPAL CORPORATION

## Name of work: Tender for procuring services of Vehicles through outsourcing.

OFFICE OF THE
**MUNICIPAL COMMISSIONER**
**GANDHINAGAR MUNICIPAL CORPORATION**
**Multi-storey building, First floor, Sector-11**
**Gandhinagar-382011,**
PHONE - (O) +79 – 23220440 Fax: 079-23221419
Email: gmc8gandhinagar@gmail.com

Tender issued to M/s.________________________________________________________
Place: Gandhinagar
Dated: / / 2020

Dy.Municipal Commissioner
Gandhinagar Municipal Corporation

Estimate for procuring services of vehicles through outsourcing

**Gandhinagar Municipal Corporation**

# <u>અનુક્રમણિકા</u>



| ક્રમ નં. | વિગત | પાના નં. |
|---|---|---|
| ૧ | જાહેર નિવિદા | 03 |
| ૨ | વાહનો ભાડે રાખવા માટેની ટેન્ડરની શરતો | ૦૪ થી ૦૮ |
| | **ભાગ ૦૧** | |
| 3 | પૂર્વ લાયકાતની વિગતો | ૦૯ થી ૧૦ |
| | **ભાગ ૦૨** | |
| ૪ | વાહનોની વિગતો દર્શાવતું પત્રક | ૧૧ |
| ૫ | પ્રાઈસ બીડ | ૧૨ થી ૧૩ |

Estimate for procuring services of vehicles through outsourcing

**Gandhinagar Municipal Corporation**

**બીજો પ્રયત્ન**

**ટૂંકી મુદ્દતની જાહેર નિવિદા**

વર્ષ ૨૦૧૯-૨૦

ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન ,બી બ્લોક ,પ્રથમ માળ ,સેક્ટર-૧૧ ,ગાંધીનગર

**ટેન્ડર ડોક્યુમેન્ટ નં – ૩૨**

ગાંધીનગર મહાનગરપાલિકા હસ્તક આવેલ મિકેનીકલ શાખામાં માસિક ધોરણે વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે)માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી આશરે ૧૨ (બાર) માસની સમય મર્યાદા માટે ઠરાવેલ ટેન્ડર સીલબંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી/સ્પીડ પોસ્ટથી ભાવો મંગાવવામાં આવે છે.

| | |
|---|---|
| કામની વિગત | મિકેનીકલ શાખા ખાતે આઉટ સોર્સીંગથી વાહનોની સુવિધા પુરી પાડવાનુ કામ - હાલ જરૂરીયાત વાહનોની સંખ્યા ૦૮ (આઠ) જેવા કે મારૂતી ઈકો, ટાટા ઈન્ડીકા, ઈન્ડીકા વિસ્ટા, હ્યુન્ડાઇ, સીડાન પ્રકારના વાહનો ,ડીઝલ (એ.સી, નોન-એ.સી) |
| અંદાજિત રકમ રૂ. | રૂ.૪૦,૨૨,૫૬૦/- |
| ઈ.એમ.ડીની રકમ રૂ. | રૂ.૧,૨૦,૬૮૦/-(૩ ટકા) |
| ટેન્ડર ફીની રકમ રૂ. | રૂ.૨,૫૦૦/-(નોન રીફંડેબલ) (ફક્ત ડીમાન્ડ ડ્રાફ્ટથી જ સ્વીકારવામાં આવશે) |
| ટેન્ડર ડાઉનલોડ કરવાનો સમય અને તારીખ | તા.૦૭/૦૨/૨૦૨૦ થી ૧૪/૦૨/૨૦૨૦ નાં રોજ સાંજના ૬-૦૦ કલાક સુધી |
| ડોક્યુમેન્ટ સ્વીકારવાની છેલ્લી તારીખ | ટેન્ડર ફી, ઇ.એમ.ડીની રકમના ડી.ડી તથા જરૂરી ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનિક ફોર્મેટમાં સ્કેન કરી ફક્ત આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટથી તા.૨૦/૦૨/૨૦૨૦ સમય ૩-૦૦ કલાક સુધીમાં મોકલી આપવાનાં રહેશે. |
| ટેકનીકલ બીડ ખોલવાનો સમય,સ્થળ અને તારીખ | ટેન્ડર ફી, ઈ.એમ.ડીનાં ડીમાન્ડ ડ્રાફ્ટ મળ્યા હશે તેમના જ ટેકનીકલ બીડની ઓફરો તા.૨૫/૦૨/૨૦૨૦, ૧૬-૦૦ કલાકે અત્રેની કચેરી ખાતે ખોલવામાં આવશે.જેમાં ઈજારદાર અથવા તેના અધિકૃત પ્રતિનિધિ ઉપસ્થિત રહી શકશે. |
| પ્રાઈસ બીડ ખોલવાનો સમય ,સ્થળ અને તારીખ | તા.૨૭/૦૨/૨૦૨૦, ૧૨-૦૦ કલાકે અત્રેની કચેરી ખાતે |
| બીડ વેલીડીટી | ૯૦ દીવસ |
| ટેન્ડર ડોક્યુમેન્ટની વિગત આ વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકાશે | www.nprocure.com ઉપરાંત ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઈટ www.gmc-egovern.org.in ઉપરથી જોઈ શકાશે. |

સ્થળ : ગાંધીનગર

તા.૦૫/૦૨/૨૦૨૦

-s/d-

નાયબ મ્યુનિસિપલ કમિશનર

ગાંધીનગર

# Estimate for procuring services of vehicles through outsourcing

## Gandhinagar Municipal Corporation

# વાહનો ભાડે આપવાના ટેંન્ડરની શરતો:-

ઉક્ત ટેન્ડરની શરતો અનુસાર જુદી જુદી કેટેગરીના વાહનો (એસી/નોનએસી) નીચે મુજબની શરતોએ માસિક કરારના ધોરણે વાહનો પુરા પાડવાનાં રહેશે.

વાહન સુવિધા (હંકારનારની સેવા સાથે) એજન્સીએ નીચે દર્શાવેલ શરતોને આધીન પુરા પાડવાના રહેશે.

**(1)** ઓનલાઇન ટેન્ડર તા.૦૭/૦૨/૨૦૨૦ થી તા.૧૪/૦૨/૨૦૨૦ સુધીમાં **www.nprocure.com**પરથી ડાઉનલોડ કરી ઓનલાઇન ભરી શકાશે અને ગાંધીનગર મહાનગરપાલિકાની વેબસાઇટ **www.gmc-egovern.org.in** વેબ ઉપરથી જોઇ શકાશે.

**(2)** ટેન્ડર ફી/બાનાની રકમના અસલ પે–ઓર્ડર અલગ સીલ બંધ કવરમાં રજી.પો.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી તથા તમામ પ્રમાણપત્રો તથા જરૂરી દસ્તાવેદોની નકલો અલગ સીલબંધ કવરમાં રજી.પો.એ.ડી. અથવા સ્પીડ પોસ્ટથી તા.૨૦/૦૨/૨૦૨૦ના રોજ અત્રેની કચેરીમાં પહોંચે તે રીતે “મિકેનિકલ શાખા,ગાંધીનગર મહાનગરપાલિકા,બહુમાળી ભવન,બીજો માળ,સેકટર ૧૧, ગાંધીનગર.” એ સરનામે મોકલવાનું રહેશી. જે તે કવર પર “ભાડાના વાહન પુરા પાડવા અંગેનું ટેન્ડર, પુર્વ લાયકાતની વિગતો” એમ સ્પષ્ટ લખવાનું રહેશે. ટેન્ડર ફી/બાનાની રકમનાં અસલ પે-ઓર્ડર સીલબંધ કવર પર“ભાડાના વાહન પુરા પાડવા અંગેનું ટેન્ડર ફી/ બાનાના રકમના પે-ઓર્ડર” એમ સ્પષ્ટ લખવાનું રહેશે.

**(3)** સૌ પ્રથમ જે એજન્સીઓના ટેન્ડર ફી/ બાનાની સકમનાં સીલબંધ કવર તથા પુર્વ લાયકાતની વિગતો સીલબંધ કવરમાં મળેલ હશે તેના જ કવરો ખોલવામાં આવશે. જેમા સૌ પ્રથમ એજન્સીના પે-ઓર્ડરના સીલબંધ કવરો ખોલવામાં આવશે. ત્યાર બાદ પુર્વ લાયકાતની વિગતો સીલબંધ કવરો ખોલવામાં આવશે. એજન્સીએ માત્ર ઓનલાઇન ભાવો મુકવાના રહેશે.

**(4)** જે એજન્સીની પુર્વ લાયકાતની વિગતો સંતોષકારક જણાશે તેમનાં જ ઓનલાઇન ભાવપત્રક ખોલવા વિચારણા કરવામાં આવશે. કોઇપણ એજન્સી સંતોષકારક પુર્વ લાયકાતની વિગતો ધરાવે છે કે કેમ તે બાબતનો માનનીય નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીનો નિર્ણય આખરી અને બંધનકર્તા હશે.

**(5)** પુર્વ લાયકાતની વિગતો સાથે ટેન્ડર ફી રકમ રૂપિયા ૨,૫૦૦/- (અંકે રૂ. બે હજાર પાંચસો પૂરા)(નોન રીફંડેબલ)નો ડી.ડી અને અર્નેસ્ટમની ની રકમ પેટે ટેન્ડરની કુલ રકમના ત્રણ ટકા(૩%) રૂા.૧૨૦,૬૮૦/-(અંકે રૂા.એક લાખ વીસ હજાર છસ્સો એંસી પૂરા) નો કોઇપણ ગુજરાત સરકાર માન્ય બેંકનો ગાંધીનગર ખાતે ચુકવવાપાત્ર **"DY.MUNICIPAL COMMISSINER, GANDHINAGAR MUNICIPAL CORPORATION”**ના નામનો એકાઉન્ટ પેઇ ડીમાન્ડ ડ્રાફ્ટ/ એફ.ડી.આર. સામેલ રાખવાનો રહેશે.

**(6)** બેંક સોલ્વન્સી સર્ટીફીકેટ ટેન્ડરની કુલ રકમના ૨૦% રૂા. ૮૦૪,૫૨૦/- (અંકે રૂા. આઠ લાખ ચાર હજાર પાંચસો વીસ પુરા) નો કોઇપણ ગુજરાત સરકાર માન્ય બેંકનો ગાંધીનગર ખાતે ચુકવવાપાત્ર એક વર્ષથી વધારે સમયગાળાનો ન હોય તેવો સામેલ રાખવાનો રહેશે.

**(7)** સદરહુ કરાર વર્ક ઓર્ડર આપ્યા તારેખથી  અથવા તે મહિના સુધી અમલમાં રહેશે. ત્યારબાદ માન.કમિશનર સાહેબશ્રીની મંજુરી મળ્યેથી વધુ ૦૧ વર્ષ માટે કરાર લંબાવી શકાશે.

**(8)** **મંજૂર થયેલા ભાવ ઉપર જી.એસ.ટી,રોડ ટેક્ષ અલગથી ચૂકવવામાં આવશે નહી, મંજૂર થયેલા ભાવ મુજબનું બીલ રજુ કરવાનું રહેશે. બીલના જી.એસ.ટી તેમજ અન્ય વેરાઓ સહીતનો સ્પષ્ટ ઉલ્લેખ કરવાનો રહેશે. અને તમામ વાહનોના વેરાઓ એજન્સીએ ભરવાનાં રહેશે. વાહન કરારના સમય દરમ્યાન મંજુર થયેલ ભાવ મુજબ જ ચુકવણું કરવામાં આવશે. કરારના વચ્ચેના સમયગાળા દરમ્યાન ભાવવધારો આપવામાં આવશે નહિ સિવાય કે સરકારશ્રીના હાલના પ્રવર્તમાન જી.એસ.ટી દર મુજબ તેમજ ભવિષ્યમાં થનાર દરમાં વધારો-ઘટાડો થશે તો તફાવત મુજબનું વળતર ચૂકવવાપાત્ર રહેશે. ઉપરાંત, માસ દરમિયાન કોઈ પણ વાહનનો વપરાશ ૧૫૦૦/૨૦૦૦/૨૫૦૦ કિલોમિટરથી વધારે હશે તો તેનો દર કિલોમીટર દીઠ ચુકવવામાં આવશે. એજન્સીએ ૧૫૦૦/૨૦૦૦/૨૫૦૦ કિલોમીટરથી વધારાના પ્રતિ કિલોમીટરનાં ભાવ ટેન્ડરમાં અલગથી દર્શાવવાના રહેશે.**

(9) જે તે માસના બીલમાં જે તે શાખા અધિકારીશ્રીનાં પ્રમાણપત્ર મેળવ્યા બાદ જ પાર્કિંગ ફી અને ટોલ ટેક્ષનીરકમ ની પહોંચ અસલમાં રજુ કર્યેથી અલગથી ચૂકવવાપાત્ર થશે.

(10) સિકયોરીટ ડીપોઝીટપેટે રૂા. ૨૦૧,૧૩૦/-(અંકે રૂપિયા બે લાખ એક હજાર એકસો ત્રીસ પૂરા) બેંક ગેરંટી/ડી.ડી. અથવા ફીકસ ડિપોઝીટ સ્વરૂપે ટેન્ડર સ્વીકાર થયે રજુ કરવાની રહેશે. સિકયોરીટી ડીપોઝીટની રકમ કરારની મુદત પુર્ણ થયાના એક મહીના બાદ, કામગીરી સંતાષકારક જણાયે અને બીલ સરભર થયે એજન્સીને પરત ચૂકવવામાં આવશે. સિકયોરીટી ડિપોઝીટનીરકમ ઉપર કોઇપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહી.

**(11)** **વાહન હંકારનાર વ્યક્તિ, હેવી બેઝ વાહન ચલાવવાની ઠરાવેલ સર્વ લાયકાતો ધરાવતો હોય તે એજન્સીએ જોવાનું રહેશે. ખાસ તો જરૂરી લાયસન્સ ધરાવતો હોય, કલર બ્લાઇન્ડ ન હોય, પંચાવન વર્ષથી વધુ વયનો ન હોવો જોઇએ. જે અંગેના પુરાવાઓ જે તે કચેરીના સંબંધીત અધિકારી સમક્ષ રજુ કરવાનો રહેશે.**

(12) વાહન સારી હાલતમાં (અપ ટુ ડેટ કન્ડીશનમાં) હોવું જોઇએ, વાહનનું આર.ટી.ઓ. રજીસ્ટ્રેશન તા. ૦૧.૦૪.૨૦૧૭ બાદનું જ હોવું જોઇએ તેમજ વાહન ભાડેથી રાખવામાં આવે તે વાહનના અસલ ડોક્યુમેન્ટની નકલ અત્રેની કચેરી ખાતે જમા કરાવવાના રહેશે. વાહન ચાલકે વાહન સાફ-સફાઇ કરી ચોખ્ખુ રાખવાનું રહેશે અને દરેક સમયે મુસાફરી માટે તૈયારી રાખવાનું રહેશે.

(13) કચેરી દ્વારા જ્યારે પણ (દિવસે અથવા રાત્રે) વાહન મંગાવવામાં આવે ત્યારે વાહન અચુકપણે અને સમયસર માંગ્યા મુજબના સ્થળે પંહોચાડવાનું રહેશે.

(14) એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર વાહન ચાલકો દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપુર્વક તથા અન્ય કોઇ કારણોસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પુરુ પાડેલ વાહનને થયેલ નુકશાન એજન્સી ભરપાઇ કરવા જવાબદાર રહેશે. સરકારે ભોગવવાનં થતું તમામ નુકશાન એજન્સી ભરપાઇ કરવા બંધાયેલ છે. તેમજ કચેરી ધ્વારા વાહન હંકારનારની બેજવાબદાર/ગેરવર્તણૂકની ફરિયાદ થયે વાહન હંકારનારને તત્કાલ બદલી આપવાની જવાબદારી એજન્સીની રહેશે.

(15) કચેરી અને વાહન હંકારનાર વચ્ચે નોકરી અને તેની આનુષંગિક કોઇપણ બાબત જેવી કે માલીક અને નોકરના સંબંધ અથવા તો અન્ય કોઇ કાયદાકીય જવાબદારી રહેશે નહી. વાહન હંકારનાર ધ્વારા તેઓની સેવા બાબતે કોઇપણ પ્રશ્નો ઉપસ્થીત થાય તેમાં કચેરીને કોઇપણ સ્વરૂપમાં લેવા દેવા રહેશે નહીં.

**(16)** **કચેરીના જવાબદાર અધિકારીને જો વાહન હંકારનારની સેવા નિશ્ચિત ધોરણ અનુસારની પ્રાપ્ત થતી ન લાગે તો જે તે દિવસની સપ્રમાણ ચૂકવણી દરના ૨ (બે) ટકાની કપાત પ્રથમ તબકકે કરાવવાની રહેશે તે માટે એજન્સીને જાણ કરાશે. જો સેવા ખામી વિશેષ દેખાય તો ૨ (બે) ટકા લેખે કપાત વધારતા જવાની રહેશે.**

(17) કચેરીએ વાહન સુવિધા એજન્સીને ON CALL – માંગણી મુજબ, માંગણી સમયે વાહન પુરા પાડવાની શરત રાખવાની રહેશે.

(18) વાહન ભાડા પધ્ધતિથી કે કાયમી ધોરણે રાખી શકાશે નહીં.

(19) આઉટસોર્સથી વાહન સેવા કે હંકારનારની સેવા મેળવવા અધિકારીએ માગણી અને તેની સામે પુરા પડાયેલ વાહનનો નંબર, ડ્રાયવરનું નામ અને ફેરવવામાં આવેલ કિમી અને તેનો હેતુ અચૂક નોંધીને નિયમોનુસાર લોગબુક નિભાવવાની રહેશે.

(20) આઉટસોર્સથી વાહન સેવા મેળવવામાં કચેરીની જરૂરીયાત અનુસાર જ કાર/જીપ વાહનની માંગણી કરવાની રહેશે.

(21) વાહન તરીકે પેટ્રોલ કે ડિઝલ વાહન પસંદ કરવાનું રહેશે. તેવા વાહનની જાળવણી, બળતણ, મરામત, હંકારનારના ચાર્જની સઘળી બાબતોની જવાબદારી એજન્સીની રહેશે.

(22) કરાર શરૂ કરતા અગાઉ એજન્સીએ પુરા પાડવામાં આવનાર વાહનો જે તે કચેરી ખાતે ચકાસણી અર્થે હાજર કરવાના રહેશે. આ ચકાસણી બાદ જે વાહનોની મંજુરી અપાશે, તેમાં બદલાવ કરી શકાશે નહીં.

(23) એજન્સીએ તેની માલિકીના વાહન ઉપરાંત અન્યની માલિકીના વાહનો પુરા પાડવામાં આવે તો મુળ માલિક દ્વારા વાહન ચલાવવા માટે પાવર ઓફ એટર્ની આપતો પત્ર રજુ કરવાનો રહેશે.

(24) દરેક વાહન સારી સ્થિતિમાં ચાલી શકે તે માટે જરુરી સમારકામ કરાવવાની તેમજ વાહનમાં દાગીના નાખવાની તમામ જવાબદારી એજન્સીની રહેશે, તેમજ વાહન હંમેશા સારી કન્ડીશનમાં રહે, તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

(25) કચેરી ખાતે પુરા પાડવામાં આવેલ તમામ વાહનોનો કોમ્પ્રીહેન્સીવ પેસેન્જર સહિતનો અકસ્માત વીમો તથા થર્ડ પાર્ટી વીમો ઉતરાવેલ હોવો જોઇએ. તેમજ તે અંગે ભરેલ પ્રિમિયમની વિગત પુરાવા સહિત જે તે કચેરી ખાતે રજૂ કરવાની રહેશે. તેમજ સદરહું પોલીસી પુરી થાય તે પહેલાં સમય મર્યાદામાં તે પુનઃજીવીત (રીન્યુ) કરાવી લેવાની રહેશે અને તે અંગેની સંપુર્ણ જવાબદારી એજન્સીની રહશે. અકસ્માતના સંજોગોમાં તમામ પ્રકારના વળતરની જવાબદારી એજન્સીની રહેશે તથા તેને સંલગ્ન કોર્ટ/કચેરી ખર્ચ પણ એજન્સીએ ભોગવવાનો રહેશે.

(26) કચેરી ખાતે જેટલી સંખ્યામાં વાહનો પુરા પાડવાના થાય છે, તેમાં વાહનોના વપરાશ નક્કી કર્યા પ્રમાણેના કિલોમીટર કરતા ઓછા કે વધુ કિલોમીટર વપરાય તેવા કિસ્સામાં વધતા/ઘટતા કિલોમીટર ત્રણ માસમાં સરભર કરવાના રહેશે.

(27) મુસાફરીમાં રાત્રી રોકાણ દરમ્યાન જો અધિકારી વિશ્રામ ગૃહ કે અતિથિ ગૃહમાં રોકાણ કરેતો નિયમોનુસાર હંકારનારને રોકાણ સુવિધા આપી શકાશે. અન્યથા એજન્સીએ તેના માટે વ્યવસ્થા રાખવાની રહેશે.

(28) રાત્રિ રોકાણ દરમ્યાન હંકારનાર અને વાહનના આનુષંગીક ખર્ચની જવાબદારી એજન્સીની રહેશે.

(29) ફાળવેલ વાહન અને/અથવા હંકારનારની અનુપલબ્ધિમાં અન્ય વાહન અને/અથવા હંકારનારની તાત્કાલીક તે જ દિવસે અને કચેરી સમયે વૈકલ્પીક વ્યવસ્થા ગોઠવવા એજન્સી બંધાયેલ રહેશે.

(30) આમ છતાં જો એજન્સી વાહન હંકારનાર કે વાહનો પુરા પાડવામાં નિષ્ફળ જાય તો તેને સોંપાયેલુ કામ અન્ય એજન્સી પાસેથી કરાવી લેવામાં આવશે અને તેનો ખર્ચ મૂળ એજન્સી એજન્સી પાસેથી વસુલ લેવામાં આવશે. આવી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની પ્રાથમીક ફરજ એજન્સીની બને છે. તેમાં નિષ્ફળ જવાથી વૈકલ્પિક

વ્યવસ્થા કચેરીએ કરવાની ફરજ પડેલ હોવાથી તે અંગેની જાણ / મંજુરી મેળવવાની જવાબદારી કચેરીની બનતી નથી.

(31) એજન્સી દ્વારા પુરા પડાયેલ વાહનનું "સ્પીડો મીટર" ચાલું હાલતમાં સારી સ્થિતિમાં ખામી વગરનું હોવું જોઇએ. જો મીટરમાં ખામી જણાય તો સદરહું સ્પીડો મીટર દિન -૨ માં ચાલુ કરાવવાનું રહેશે, જે એજન્સીને બંધનકર્તા રહેશે. અને મીટર બંધ હાલતમાં હોય તો તે સમયગાળા દરમ્યાન કચેરીના અધિકારીશ્રી દ્વારા પ્રમાણીત કરેલ અંતર એટલેકે કિલોમીટર આખરી ગણાશે.

(32) એજન્સી ધ્વારા પુરા પડાયેલ વાહનમાં "પ્રાથમીક ઉપચાર બોક્ષ" સુસજ્જ કંડીશનમાં રાખવાનું રહેશે. વાહનમાં પાણીનો જગ, ગ્લાસ વગેરે રાખવાના રહેશે. વાહન હંકારનારે યુનીફોર્મ પહેરવાનો રહેશે.

(33) કોઇપણ કારણસર મહિનામાં જેટલા દિવસો એજન્સીનું વાહન ઉપલબ્ધ નહી હોય તેટલા દિવસનું દોઢુ ભાડુ એજન્સીના બિલમાંથી વસુલી લેવામાં આવશે.

(34) આ કરાર બિન તબદીલીપાત્ર છે. એજન્સી પેટા એજન્સી રોકી શકશે નહી અને સક્ષમ સત્તા/કચેરીના પૂર્વ મંજુરી સિવાય એજન્સી અન્ય કોઇ એજન્સીને આ કામ તબદીલ કરી શકશે નહીં. અથવા આ કરારની અન્ય કોઇ બાબત એજન્સીને તબદીલ કરી શકશે નહીં.

(35) કરાર સમય પૂર્ણ થયા બાદ મંજુર થયેલ ભાવે જરૂર જણાશે તો વધુ ત્રણ માસ માટે વાહન ચાલુ રાખવામાં આવશે.

**(36) પૂરા પાડવામાં આવેલ વાહનોનો કરાર કરારનામું થયાની તારીખથી એક વર્ષ માટે અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સહમતીથી માન.કમિશનર સાહેબશ્રી વધુ એક વર્ષ માટે કરાર લંબાવી શકવા સક્ષમ રહેશે.**

(37) જો એજન્સી આ સેવા સંતુષ્ઠ રીતે પુરી પાડવામાં નિષ્ફળ નીવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સીક્યોરીટી ડિપોઝિટ જપ્ત કરવામાં આવશે. અને તેની સેવાઓ સમાપ્ત કરાશે, જે માટે તેને એક માસની લેખિત નોટિસ આપવામાં આવશે. કચેરી આ કારણે થયેલ ખર્ચ, નુકશાન કે અન્ય કોઇપણ મુશ્કેલી માટે જવાબદાર રહેશે નહીં.

**(38) આ ઉપરાંત આ કરારમાં કોઇપણ જોગવાઇ હોય તેમ છતા કોઇપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા / કચેરી એજન્સીને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકાશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઇ વળતર આપવામાં આવશે નહીં**

(39) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઇચ્છતી ન હોય તો તેણે ૩ માસની નોટિસ આપવી પડશે, તે પરિસ્થીતીમાં તેની સિક્યોરીટી ડીપોઝિટ જપ્ત કરવામાં આવશે.

(40) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઇ હક્ક /દાવો રહેશે નહી.

(41) આમ છતાં એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માંગતા હોય તો ત્રણ માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે. દરમ્યાનમાં સંબંધીત કચેરીએ નવી એજન્સી નક્કી કરવાની પ્રક્રીયા ત્રણ માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકશે. દરમ્યાનમાં સંબંધીત કચેરીએ નવી એજન્સી નક્કી કરવાની પ્રક્રીયા ત્રણ માસની સમયમર્યાદામાં પુર્ણ કરવાની રહેશે.

(42) વાહનનું ટેક્ષી પાસીંગ હોવુ જરૂરી છે.જો ટેક્ષી પાસીંગ વગરનું વાહન હશે તો તેના બીલનું ચુકવણું નહિ થાય તો તે માટેની તમામ જવાબદારી જે તે સંસ્થાની રહેશે.

(43) ભાડેથી રાખેલ વાહનના રજુ થયેલ બીલો જી.એસ.ટી. નંબર, સી.એસ.ટી. તથા ઇન્કમટેક્ષ (પાન નં) નંબર વાળા હોવા ફરજીયાત છે.

**(44) આ ઉપરાંત, અનિવાર્ય સંજોગોમાં ગાંધીનગર મહાનગરપાલિકા પોતાની જરૂરિયાત પ્રમાણે વાહનોની સંખ્યામાં વધારો-ઘટાડો કરી શકાશે, જે આપના દ્વારા આપવામાં આવેલા ભાવ પ્રમાણે એક વર્ષ માટે ફાળવી આપવાનું રહેશે.**

**(45) એસ.ડી પેટે એફ.ડી.આર જમા કરાવવામાં આવશે તો ૪.૯૦% લેખે સ્ટેમ્પ ડયુટી ભરવાની રહેશે.**

**(46) સરકારશ્રી/આર.ટી.ઓ નાં પ્રવર્તમાન નિયમોનુસાર વાહન માટે જરૂરી તમામ પરવાનગી મેળવી લેવાની રહેશે. તથા સરકારશ્રી/આર.ટી.ઓ નાં નિયમોનાં ભંગ બદલ થયેલ દંડ એજન્સીએ પોતે ભોગવવાના રહેશે.**

**તારીખ:-** **કોન્ટ્રાક્ટરની સહી તથા સિક્કો**

**સ્થળ:- ગાંધીનગર**

# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન

બહુમાળી ભવન,પ્રથમમાળ,સેકટર–૧૧,ગાંધીનગર,૩૮૨૦૧૧
ફોન નંબર–૦૭૯ ૨૩૨ ૨૦૪૪૦,ફેકસ નંબર–૦૭૯ ૨૩૨ ૨૧૪૧૯
Email :gmc8gandhinagar@gmail.com


## વાહનો ભાડે પુરા પાડવા અંગેનું ટેન્ડર

## ભાગ-૧

## પૂર્વ લાયકાતની વિગતો

| | | |
|---|---|---|
| ૧ | એજન્સીનું નામ / સરનામું ફોન નંબર દર્શાવવા: | |
| ૨ | ટેન્ડર ફીની વિગત: | રકમ રૂ.૨,૫૦૦/-(નોન-રીફંડેબલ)<br>ડી.ડી.નં.<br>તારીખ:<br>બેંકનું નામ: |
| ૩ | અર્નેસ્ટમની ભર્યાની વિગત: | રકમ રૂ.૧,૦૯,૫૦૦/-<br>ડી.ડી/.F.D.R<br>તારીખ:<br>બેંકનું નામ: |
| ૪ | સિક્યોરીટી ડીપોઝીટની વિગત: | રકમ રૂ.૨૦૧,૧૩૦/-<br>તારીખ:<br>બેંકનું નામ: |
| ૫ | એજન્સીનું રજીસ્ટ્રેશન પ્રમાણપત્ર અને તેના નંબર:<br><br>(નકલ સામેલ રાખવી) | |
| ૬ | કંપનીનાં છેલ્લા વર્ષના ટર્નઓવરની પ્રમાણિત નકલ: | |
| ૭ | છેલ્લા ૩ વર્ષનુ ઓડીટેડ બેલેન્સશીટ નફો નુકશાનની વિગત: | |
| ૮ | છેલ્લા ૩ વર્ષની ટર્ન ઓવરની વિગત જે પૈકી છેલ્લા વર્ષનું રૂા.૩૬ લાખનું ટર્ન ઓવર: | |

| | | |
|---|---|---|
| ૯ | (૧)ઇન્કમટેક્ષ PAN નંબરની ઝેરોક્ષની નકલ<br><br>(૨)GST રજીસ્ટ્રેશનનું સર્ટીફીકેટ: | |
| ૧૦ | છેલ્લા વર્ષનાં ઇન્કમ ટેક્ષ ક્લીયરન્સ સર્ટીફીકેટની સર્ટીફાઇડ કોપી: | |
| ૧૧ | છેલ્લા ત્રણ વર્ષમાં એજન્સીએ જે ઈજારા રાખ્યા હોય તે સંસ્થાના નામ/પુરા પડેલ વાહનોની સંખ્યા તેમજ ચૂકવાયેલ રકમની વિગત( જરૂરી આધાર સામેલ રાખવા તેમજ વિગતો વધારે હોય તો અલગ કાગળ સામેલ કરવો)સંબંધિત સંસ્થા પાસેથી પ્રમાણપત્ર મેળવી રજુ કરવું: | |
| ૧૨ | એજન્સી પાસે હાલ માલિકીના વાહનોની વિગતો:<br><br>(મોડેલ,મેન્યુફેકચરર નું નામ) | |
| ૧૩ | ગાં.મ.ન.પા .કે અન્ય કોઇપણ સંસ્થા તરફથી એજન્સીને બ્લેક લીસ્ટમાં મુકેલ હોય તો તેની વિગત( એફિડેવિટ આપવું) | |

ઉપર જણાવેલ વિગતો અંગે જે માહિતી પૂરી પાડવામાં આવેલ છે તે માહિતી અને તમામ દસ્તાવેજો અમારી જાણ અને માન્યતા મુજબ સાચા છે તે અમો ખાતરી પૂર્વક જણાવીએ છીએ.

**સ્થળ:ગાંધીનગર**

**તારીખ:** એજન્સીનાં અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો

**નોંધ:**

(૧) આ પત્રક અલગ કવરમાં તમામ સાધનિક કાગળો સાથે બીડવું તેમજ કવર પર" વાહનો ભાડે આપવાનાં ટેન્ડરની પૂર્વ લાયકાત "એવું લખવું.

(૨) આ પત્રક ભરતા અગાઉ ટેન્ડરની શરતો અને બોલીઓ વાંચી લેવી.

Estimate for procuring services of vehicles through outsourcing

**Gandhinagar Municipal Corporation**

## <u>ભાગ-૨</u>

## <u>વાહનોની વિગતો દર્શાવતું પત્રક</u>

| અ.નં. | વાહનોના પ્રકાર | રજીસ્ટ્રેશન નંબર | ટેક્ષી પરમીટનો નંબર | વીમો પોલોસી નંબર | વાહન માલિકનું નામ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

**એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/ સિક્કો**

Estimate for procuring services of vehicles through outsourcing

**Gandhinagar Municipal Corporation**

**એજન્સીનું નામ.......................................................................................................................**

**સરનામું...................................................................................................................................**

**મોબાઈલ નં................................................................................................................................**

**ફોનનં.......................................................................................................................................**

## <u>પ્રાઈસ બીડ</u>

| અ.નં. | ભાડે લેવાના વાહનોની વિગત | વાહનનો પ્રકાર એક વાહન દીઠ ભાડું ઈન્ડીકા, ઈન્ડીકા વીસ્ટા,મારૂતી ઈકો વગેરેનું ભાડું | | વાહનનો પ્રકાર એક વાહન દીઠ ભાડું ટાટા સુમો/ ક્વાલીસ/મહિન્દ્રા માર્શલનું ભાડું | | વાહનનો પ્રકાર એક વાહન દીઠ ભાડું સીડાન પ્રકારના વાહનો, જેવા કે સ્વિફ્ટ ડીઝાઈર,હોન્ડા અમેઝ, હુન્ડાઈ એક્સેંટ, ટાટા ટીયાગો અને સીયાઝ વગેરે | | વાહનનો પ્રકાર એક વાહન દીઠ ભાડુ ઈનોવા | | વાહનનો પ્રકાર એક વાહન દીઠ ભાડુ ટવેરા | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | માસિક વાહન પુરા પાડવા માટેના દર | | માસિક વાહન પુરા પાડવા માટેના દર | | માસિક વાહન પુરા પાડવા માટેના દર | | માસિક વાહન પુરા પાડવા માટેના દર | | માસિક વાહન પુરા પાડવા માટેના દર | |
| (૧) | (૨) | (૩) | | (૪) | | (૫) | | (૬) | | (૭) | |
| | | એ.સી | નોન એ.સી | એ.સી | નોન એ.સી | એ.સી | નોન એ.સી | એ.સી | નોન એ.સી | એ.સી | નોન એ.સી |
| 1. | વાહનો ભાડે આપવા માટેનો દર માસિક વપરાશ ૧૫૦૦ કિલોમીટર સુધી નાં ભાવો | | | | | | | | | | |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | વાહનો ભાડે આપવા માટેનો દર માસિક વપરાશ ૨૦૦૦ કિલોમીટર સુધી નાં ભાવો | | | | | | | | | | |
| | વાહનો ભાડે આપવા માટેનો દર માસિક વપરાશ ૨૫૦૦ કિલોમીટર સુધી નાં ભાવો | | | | | | | | | | |
| 2. | વાહનો ભાડે આપવા માટેનો દર માસિક વપરાશ ૧૫૦૦ કિલોમીટરથી વધારાનાં દરેક કિલોમીટરનાં ભાવો | | | | | | | | | | |
| | વાહનો ભાડે આપવા માટેનો દર માસિક વપરાશ ૨૦૦૦ કિલોમીટરથી વધારાનાં દરેક કિલોમીટરનાં ભાવો | | | | | | | | | | |
| | વાહનો ભાડે આપવા માટેનો દર માસિક વપરાશ ૨૫૦૦ કિલોમીટરથી વધારાનાં દરેક કિલોમીટરનાં ભાવો | | | | | | | | | | |

**એજન્સીના અધિકૃત વ્યક્તિની સહી/સિક્કો**

**<u>નોંધ:</u>**

૧. **આ પત્રક ભરતા અગાઉ ટેન્ડરની શરતો વાંચી લેવી.**